(સને૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ૩૫૫ મુજબનો ચુકાદો)
**અમદાવાદના મહે.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટસાહેબશ્રીની કોર્ટ સમક્ષ**

આંક :–૩

(અ). કેસનો અનુક્રમ નંબર :– ૮૬૯૪૧/૧૯

(બ). ગુન્હો બન્યાની તારીખ :– ૧૯/૯/૨૦૧૯

(ક). ફરીયાદીનું નામ :– ઘી સ્ટેટ ઓફ ગુજરાત

(ડ). આરોપીઓના નામ અને સરનામું.:– વિનોદભાઈ કાંતીભાઈ લખવારા
ઉ.વ.૪૦
રહે.૩૪૦/૩૯,રણછોડપુરા,ભીલવાસ,
સિવીલ ગેટ નં.૩ ની સામે,અસારવા,
અમદાવાદ.

(ઈ). ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત :–ઈ.પી.કો.કલમ–૨૮૩ મુજબ.
આરોપ.

(ફ). આરોપીનો જવાબ અને તપાસણી :–

સવાલ–તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યુ તે મુજબનો ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ–મને ગુનો કબુલ છે.

..............................................
આરોપીની સહી મારી રૂબરૂ,

તા.૨૬/૯/૨૦૧૯.
અમદાવાદ. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

(૧). આ કામમાં એફ–ડીવીઝન ટ્રાફીક પો.સ્ટેશન દ્વારા આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ. પ્રો. કોડ કલમ :૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે આંક–૩ થી પ્લી/નિવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨). સજા બાબતે આરોપીને સાંભળતા. આરોપી તરફે રજુઆત છે કે,આરોપીનો આ પ્રથમ ગુનો છે અને તેઓ મધ્યમવર્ગના માણસ છે અને અજાણતાં આ ગુનો તેમનાથી થઈ ગયેલ છે. હવે પછી આ પ્રકારનો ગુનો નહી કરે તેવી ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે.એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવાજણાવેલ છે.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

હુ ક મ

ક્રિ.પ્રો. કોડ કલમ–૨૫૨ અન્વયે આરોપીને ઈ. પી. કો.કલમ–૨૮૩ મુજબના ગુના માટે કસુરવાર ઠરાવી ગુના માટે કુલ રુ.૧૦૦/– અંકે રૂપીયા એકસો પુરા દંડ ભરવા હુકમ કરૂ છું. દંડ ન ભરે તો દિન ૨ ની સાદી કેદની સજા ભોગવવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો

અમદાવાદ.

તા.૨૬/૯/૨૦૧૯.

(એ.વાય.દવે)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
કોડ નં.GJ00451